# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com


તા. ૧૬/૦૬/૨૦૨૨

પ્રતિ,
મહામહિમ રાજ્યપાલશ્રી
ગુજરાત રાજ્ય.
રાજભવન, ગાંધીનગર.

પ્રણામ.

૧. કેન્દ્ર સરકારના ઈશારે એન્ફોર્સમેન્ટ ડીરેકટરોરેટ દ્વારા સતત ત્રીજા દિવસે પૂર્વ કોંગ્રેસ પ્રમુખ શ્રી રાહુલ ગાંધીને પાયા વિહોણા અને ખોટી રીતે ઉભા કરેલા નેશનલ હેરાલ્ડ કેસમાં સમન્સ પાઠવવામાં આવ્યા છે. કોઈપણ પુરાવા કે હકીકતોના આધાર વિના ઇડીનો વ્યક્તિગત, દ્રેષ અને રાજકીય કિન્નાખોરી માટે દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે.

અત્યંત આઘાતજનક બાબતરૂપે આજે પોલીસે એ.આઈ.સી.સી.ના વડામથકમાં બળજબરીપૂર્વક પ્રવેશ કર્યો હતો અને અંદર રહેલા કાર્યકર્તા અને નેતાઓને બેરહેમીથી માર્યા હતા. સત્ય માટેની આ લડાઈ માટે એકતા અને શાંતિ પૂર્વક દેખાવોને કચડી નાખવા માટે કેન્દ્રનું શાસન હતાશાપૂર્વક, પાશવી બળનો ઉપયોગ કરી રહ્યું છે.

૨. નેશનલ હેરાલ્ડની શરૂઆત પંડિત જવાહરલાલ નહેરુ, સરદાર પટેલ, શ્રી પુરુષોતમ ટંડન, આચાર્ય નરેન્દ્ર દેવ, શ્રી રફી મહંમદ કિડવાઈ તેમજ અન્ય વ્યક્તિઓ દ્વારા ૧૯૩૭ માં,

એસોસીએટેડ જર્નલ્સ લિ. નામની કંપની હેઠળ વર્તમાનપત્ર દ્વારા દેશમાં સ્વાતંત્ર્યની લડતને વેગ આપવા માટે કરવામાં આવી હતી ૧૯૪૨ થી ૧૯૪૫ દરમ્યાન 'કવીટ ઇન્ડિયા' (ભારત છોડો) ચળવળ દરમ્યાન બ્રિટીશ શાસન દ્વારા તેના ઉપર પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો અને તે ઘટનાને મહાત્મા ગાંધીએ "રાષ્ટ્રીય ચળવળ માટેની કરુણ ઘટના" તરીકે વર્ણવી હતી.

વર્તમાનપત્રની સંપાદકીય ઉત્કૃષ્ટતા છતાં નેશનલ હેરાલ્ડ નાણાંકીય તંગી અનુભવી રહ્યું હતું અને તેની ખોટ રૂ. ૯૦ કરોડે પહોંચી. નેશનલ હેરાલ્ડની આ નાણાંકીય કટોકટીમાંથી ઉગારવામાં મદદરૂપ થવા કોંગ્રેસ પક્ષે ૨૦૦૨ થી ૨૦૧૧ દરમ્યાન લગભગ ૧૦૦ હપ્તે ૧૦ વર્ષના સમયગાળામાં રૂ. ૯૦ કરોડની લોન આપી. અત્યંત મહત્વની બાબત એ છે કે આ રૂ. ૯૦ કરોડ પૈકી રૂ. ૬૭ કરોડ જેટલી રકમનો તો નેશનલ હેરાલ્ડ દ્વારા કર્મચારીઓના પગાર અને સ્વૈચ્છિક નિવૃત્તિ પેટેની રકમોની ચુકવણી માટે જ કરવામાં આવ્યો હતો. બાકીની રકમનો ઉપયોગ વીજળી બીલ, વેરો વગેરે જેવા સરકારી લેણા ચુકવવા માટે કરવામાં આવ્યો હતો. ભાજપ અને તેના મળતિયાઓ નેશનલ હેરાલ્ડને આ રૂ. ૯૦ કરોડની લોન આપવાની બાબતને ગુન્હો ગણાવે છે. આ તદ્દન વાહિયાત અને બદઈરાદાપૂર્ણ છે અને તે વાતને તુરત જ ફગાવી દેવી જોઈએ.

3. રાજકીય પક્ષ દ્વારા લોન આપવાની બાબત ભારતમાં કોઈપણ કાયદા હેઠળ ગુન્હારૂપ બાબત નથી. તો પછી, કોંગ્રેસ પક્ષ દ્વારા વખતો વખત એસોસીએટેડ જર્નલ્સ લીમીટેડ (કોંગ્રેસ પક્ષ સાથે ૧૯૩૭ થી નજીકથી જોડાયેલી અને કોંગ્રેસની વિચારસરણીને સમર્થન આપતી કંપની)ને રૂ. ૯૦ કરોડની લોન આપવાની બાબત ફોજદારી ગુન્હો કેવી રીતે ગણી શકાય? કોંગ્રેસ પક્ષના ઓડીટ કરેલા અને ભારતના ચુંટણી પંચને સુપ્રત કરેલા હિસાબોમાં આ લોનની રકમ દર્શાવવામાં આવેલી હતી.

પ્રજા પ્રતિનિધિત્વ ધારામાં એવી કોઈ જોગવાઈ નથી કે જે રાજકીય પક્ષ દ્વારા કરવામાં આવતા ખર્ચ ઉપર પ્રતિબંધ કે નિયંત્રણ મુકે તેવી હોય, તેવી સ્પષ્ટતા કરતો તા. ૦૬-૧૧-૨૦૧૨ એક પત્ર પણ ચુંટણી પંચે સુબ્રમણ્યમ સ્વામીને પાઠવ્યો હતો. આમ સુબ્રમણ્યમ સ્વામી/ભાજપના આ બાબત ગુન્હો હોવાના આક્ષેપ તદ્દન ખોટા છે.

૪. નેશનલ હેરાલ્ડને આપવામાં આવેલી આ રૂ. ૯૦ કરોડની લોનની નેશનલ હેરાલ્ડ અને તેની શાસક કંપની એસોસીએટેડ જર્નલ્સ લી. દ્વારા પરત ચુકવણી કરવાનું શક્ય ન હતું. તેથી, આ રૂ. ૯૦ કરોડની લોનને એસોસીએટેડ જર્નલ્સ લી. ના ઇક્વિટી શેરમાં રૂપાંતરિત કરવામાં આવી હતી. ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિ ઇક્વિટી શેરની માલિકી ધારણ કરી શકતી ન હોવાથી, ઇક્વિટી શેર સેક્શન-૨૫ હેઠળ 'નોટ ફોર પ્રોફિટ' કંપની 'યંગ ઇન્ડિયા'ને ફાળવવામાં આવ્યા હતા.

શ્રીમતી સોનિયા ગાંધી, શ્રી રાહુલ ગાંધી, સ્વ.શ્રી ઓસ્કાર ફર્નાન્ડીઝ, સ્વ.શ્રી મોતીલાલ વોરા, શ્રી સુમન દુબે વગેરે આ 'નોટ ફોર પ્રોફિટ' કંપનીના મેનેજિંગ કમિટીના સભ્યો હતા. કાયદા દ્વારા 'નોન ફોર પ્રોફિટ' કંપની ઉપર કોઈ પણ ડીવીડન્ડ, નફો, પંગાર કે અન્ય નાણાંકીય લાભ, મેળવવા ઉપર પ્રતિબંધ છે. તેથી, શ્રીમતી સોનિયા ગાંધી/શ્રી રાહુલ ગાંધી કે 'યંગ ઇન્ડિયા' ની અન્ય કોઈપણ વ્યક્તિ દ્વારા કોઈ લાભ કે નફો કે નાણાંકીય લાભનો પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી સુબ્રમણ્યમ સ્વામી/ભાજપનો લાભ, નફો કે નાણાંકીય દાવો તદ્દન ખોટો છે.

૫. નેશનલ હેરાલ્ડની તમામ આવક અને મિલકતો એસોસીએટેડ જર્નલ્સ લીમીટેડની સંપૂર્ણ સંપત્તિ જ રહે છે. અને તેનું કારણ સાદું છે. મિલકતોની માલિકી કંપનીની, એટલે કે એસોસીએટેડ જર્નલ્સ લીમીટેડની છે અને નહિ કે કોઈ શેરહોલ્ડરની. કોઈએ પણ એસોસીએટેડ જર્નલ્સ લીમીટેડની કોઈપણ સ્થાવર કે જંગમ મિલકત તબદીલ કરી નથી કે 'યંગ ઇન્ડિયને એસોસીએટેડ જર્નલ્સ લીમીટેડમાંથી એક પણ રૂપિયો ઉપાડ્યો નથી.

"યંગ ઇન્ડિયા' એસોસીએટેડ જર્નલ્સ લીમીટેડ ઉપર અંકુશ ધરાવતી હોવા છતાં (કેમ કે તે ૯૯% શેરની માલિકી ધરાવે છે), તે 'નોટ ફોર પ્રોફિટ કંપની' હોવાથી તેના મેનેજિંગ કમિટીના કોઈપણ સભ્યને એક પણ રૂપિયો આપી શકતી નથી.

જો 'યંગ ઇન્ડિયા' ના મેનેજિંગ કમિટીના સભ્યો દ્વારા નાદારી જાહેર કરવામાં આવે કે તેને બંધ કરવામાં આવે તો પણ તેની તમામ ઉપજ માત્ર કોઈ 'નોટ ફોર પ્રોફિટ' કંપનીને જ મળી શકે અને તેને ક્યારેય કાયદેસર રીતે તેના શેરહોલ્ડરો/મેનેજિંગ કમિટીના સભ્યો વચ્ચે વહેંચી શકાય નહિ. આમ હકીકતમાં, એસોસીએટેડ જર્નલ્સ લીમીટેડની મિલકતો/સંપત્તિ સઘળા સમય માટે સુરક્ષિત છે કારણ કે તેની સંપત્તિ ક્યારેય વેચી શકાય નહિ અને વ્યક્તિઓ દ્વારા તેનો

ઉપયોગ કરી શકાય નહિ અને તે હંમેશા માટે 'નોટ ફોર પ્રોફિટ' કંપની પાસે જ રહેશે. આ પરિસ્થિતિમાં, કોઈ ગુન્હો આચરવાનો કે વ્યક્તિગત લાભનો પ્રશ્ન જ ક્યાં છે?

૬ શ્રીમતી સોનિયા ગાંધી, શ્રી રાહુલ ગાંધી અને અમારા નેતૃત્વનો આશય સ્પષ્ટ છે આ આશય સ્પષ્ટ રીતે, નેશનલ હેરાલ્ડ જેનું જતન કરે છે તેવી કોંગ્રેસ પક્ષની વિરાસતને સુનિશ્ચિત કરવાનો છે. પક્ષના મૂલ્યોનો તે પ્રસાર કરે છે અને નેશનલ હેરાલ્ડ અમારા આદર્શો અને સિદ્ધાંતોને વાચા આપવાનું કામ કરે છે.

૭. આ સત્ય માટેની લડાઈ છે. સત્યનો હંમેશા વિજય થાય છે અને આ વખતે પણ થશે. શ્રી રાહુલ ગાંધી અને કોંગ્રેસનું નેતૃત્વ આ અગ્નિપરીક્ષામાંથી વધારે ઉજ્જવળ બનીને બહાર આવશે.

૮. આ સંજોગોમાં, અમે, ગુજરાત કોંગ્રેસના અગ્રણીઓ આપશ્રીને વિનંતી કરીએ છીએ કે આ બાબતની ગંભીરતાને ધ્યાનમાં લઈને આપના સંવેધાનિક હોદ્દાનો ઉપયોગ કરીને રાજ્ય અને દેશમાં બંધારણીય શાસનની પુનઃસ્થાપના માટે દરમ્યાનગીરી કરશોજી.

(૧) શ્રી. જગદીશ ઠાકોર
પ્રમુખશ્રી. GPCC

(૨) શ્રી. સુખરામભાઈ રાઠવા
વિપક્ષ-નેતાશ્રી

(૩) શ્રી. અર્જુનભાઈ મોઢવાડિયા
પૂર્વ પ્રમુખ GPCC અને વિપક્ષનેતા

(૪) શ્રી. સિદ્ધાર્થભાઈ પટેલ
પૂર્વ પ્રમુખ. GPCC

શ્રી. અમિતભાઈ ચાવડા, MLA
અને પૂર્વ પ્રમુખ, ગુ.પ્ર.કો. સમિતિ → AAchavda

(૬) શ્રી. પરેશભાઈ ધાનાણી MLA, → [signature]
પૂર્વ વિપક્ષનેતા

(૭) શ્રી. શૈલેષ પરમાર MLA → [signature]
અને વિપક્ષઉપનેતા

(૮) ડૉ. સી.જે. ચાવડા, MLA, ગાંધીનગર (ઉત્તર) → CJ Chavda

(૯) શ્રી. બળદેવજી ઠાકોર MLA. કલોલ → Bthakor

(૧૦) [illegible] → [signature]

(૧૧) શ્રી. સુખરામભાઈ રાઠવા → [signature]
પૂર્વ [illegible]

(૧૨) શ્રી. પુંજાભાઈ વંશ MLA → [signature]
(ચેરમેન PAC)

13 [illegible] MLA → [signature]